૨૪૭૪૩ - ૨૫૫૨૩

<u>અગત્યનું - તાત્કાલિક</u>

જા.નં./ક-૧/માધ્ય/વ.વ./૨૦૨૦-૨૧/
જિલ્લા શિક્ષણાધિકારીની કચેરી,
કારેલી બાગ, વડોદરા
તા. ૦૫-૧૧-૨૦૨૦

પ્રતિ,
આચાર્યશ્રી,
સરકારી / ગ્રાન્ટેડ / નોન ગ્રાન્ટેડ માધ્યમિક અને ઉ.મા. શાળાઓ,
મહા નગર પાલિકા વિસ્તારમાં સમાવિષ્ટ ગ્રાન્ટેડ પ્રાથમિક અને નોન ગ્રાન્ટેડ પ્રાથમિક શાળાઓ,
તમામ, જિ.વડોદરા.

વિષય : જિલ્લામાં આવેલ માધ્યમિક અને ઉ.;મા. શાળાઓમાં ફાયર સેફ્ટીની એન.ઓ.સી. મેળવવા બાબત...

સંદર્ભ : (૧) ગુ.મા.અને ઉ.મા. શિ.બોર્ડ, ગાંધીનગરનાં જા.ક્રમાંક:મઉમશબ/શાનિ/૧૬૩૬૪/ તા.૦૪-૧૧-૨૦૨૦

ઉપરોકત વિષય અને સંદર્ભ અન્વયે જણાવવાનું કે અત્રેનાં જિલ્લાની સરકારી / ગ્રાન્ટેડ / નોન ગ્રાન્ટેડ પ્રાથીમક અને માધ્યમિક અને ઉ.મા. શાળાઓમાં આગ લાગે ત્યારે આગ પર કાબુ મેળવવા તાત્કાલિક પગલાં લઇ શકાય તે માટે દરેક શાળાઓમાં ફાયર સુવિધા ઉપલબ્ધ હોવી જરૂરી છે અને તે માટે જે તે શાળાએ તેને લાગુ પડતી ઓથોરીટી પાસેથી શાળામાં લગાડવામાં આવેલ ફાયર સેફ્ટીના સાધનો યોગ્ય છે તે અંગેનું સક્ષમ સત્તાઅધિકારીનું ફાયર સેફ્ટીનું એન.ઓ.સી. મેળવવુ જરૂરી છે.

હાલમાં જિલ્લાની તમામ શાળાઓ તરફથી રજુ થયેલ માહીતી પ્રમાણે જિલ્લાની મોટા ભાગની સરકારી/ગ્રાન્ટેડ/નોન ગ્રાન્ટેડ માધ્યમિક અને ઉ.મા શાળાઓ પાસે ફાયર સેફટી અંગેનું સક્ષમ સત્તા અધિકારીનું એન.ઓ.સી. નથી. સબબ, આ સાથે આ કચેરીનાં તાબા હેઠળની જિલ્લાની તમામ (મહા નગર પાલિકા વિસ્તારની ગ્રાન્ટેડ પ્રાથમિક અને નોન ગ્રાન્ટેડ પ્રાથમિક શાળાઓ) અને માધ્યમિક અને ઉ.મા. શાળાઓને તાકીદ કરવામાં આવે છે કે તમારી શાળાનું ફાયર સેફ્ટી અંગેનું સક્ષમ સત્તા અધિકારીનું એન.ઓ.સી તાત્કાલિક મેળવી આપનાં એસ.વી.એસ. કન્વીનર મારફત શિક્ષણ નિરીક્ષકશ્રીને જમા કરાવવું. જે શાળાઓએ ફાયર સેફ્ટીનું એન.ઓ.સી. મેળવેલ છે તેવી શાળાઓએ જો એન.ઓ.સી. રીન્યુ કરાવવાનું થતું હોય તો તાત્કાલિક રીન્યુ કરાવવાની કાર્યવાહી કરવા જણાવવામાં આવે છે. સદર બાબતને ગંભીરતાપૂર્વક લઇ ટોચ અગ્રતા આપી ફાયર સેફ્ટીનું એન.ઓ.સી. મેળવી લેવું અન્યથા કોઇ દુર્ઘટના થશે તો તેણી સઘળી જવાબદારી શાળા સંચાલક મંડળની રહેશે, જેની નોંધ લેશો.

જિલ્લા શિક્ષણાધિકારી
વડોદરા

<u>નકલ રવાના : (જાણ તથા આપના એસ.વી.એસ.ની શાળાઓની ફાયર સેફ્ટીનાં એન.ઓ.સી. એકત્ર કરી બાકી રહેતી શાળાઓને એન.ઓ.સી. મેળવવાની કાર્યવાહી કરે તે માટે સૂચના આપવા સારૂ.)</u>

- શિક્ષણ નિરીક્ષકશ્રી, તમામ, સદર કચેરી.